નં. સીબી/જમીન-૨/એન.એ./એસ.આર. ૧૬૦૫/૧૫
જિલ્લા કલેકટરની કચેરી,
સુભાષબ્રીજ સર્કલ, આશ્રમ રોડ,
અમદાવાદ.
તા. ૧૨/૧/૨૦૧૬

<u>વંચાણમાં લીધું :-</u>

(૧) અરજદારશ્રી ભગુભાઇ અંબારામભાઇ પટેલ વિગેરે રહે. ૧૬૮૯, લીમડીવાસ, નવરંગપુરા ગામ, અમદાવાદની જ.મ.કાયદાની કલમ - ૬૫ હેઠળ બીનખેતીની પરવાનગી મેળવવાની નિયત નમુનાની તા. ૧૭/૦૪/૨૦૧૫ની મુળઅરજી તથા તા. ૦૧/૦૮/૨૦૧૫ની પુનઃ વિચારણા અરજી.

(૨) સીટી મામલતદારશ્રી ઘાટલોડીયાની ધોરણસરની દરખાસ્ત નં. જમીન/એન.એ./એસ.આર. ૬૩/૧૫, તા. ૨૪/૦૬/૨૦૧૫.

(૩) નાયબ કલેકટરશ્રી, જમીન સુધારણા અને અપીલ, અમદાવાદ ના તા. ૩૦/૦૬/૨૦૧૫ના પત્ર નં. એસીબી/ટીએનસી-૩/બીનખેતી/અભિપ્રાય/મેમનગર/એસ.આર. ૪૩૦/૨૦૧૫નો ગણોત સબંધેનો હકારાત્મક અભિપ્રાય.

(૪) સક્ષમ અધિકારી અને નાયબ કલેકટરશ્રી, શહેરી જમીન ટોચ મર્યાદા, અમદાવાદનો તા. ૧૫/૦૫/૨૦૧૫નો પત્ર નં.યુ.એલ.સી./મેમનગર/એન.એ./એસ.આર.૪૩૯/૨૦૧૫ તથા તા. ૨૩/૦૭/૨૦૧૫નો પત્ર નં. યુએલસી/મેમનગર/સ.નં. ૧૭૪/એસ.આર. ૪૩૯/૨૦૧૫ વશી-૧૩૦/૨૦૧૫નો શ.જ.ટો.મ.સબંધેનો હકારાત્મક અભિપ્રાય.

(૫) વધારાના ખાસ જમીન સંપાદન અધિકારીશ્રીનો તા. ૦૮/૦૬/૨૦૧૫નો પત્ર નં. એલએક્યુ/એન.એ./અભિપ્રાય/૧૩૩૮/૨૦૧૫નો સંપાદન અંગેનો હકારાત્મક અભિપ્રાય.

(૬) બીજા વધારાના ખાસ જમીન સંપાદન અધિકારીશ્રીનો તા. ૧૩/૦૫/૨૦૧૫નો પત્ર નં. એલએક્યુ/એન.એ./અભિપ્રાય/એસ.આર. ૧૫૬૨/૨૦૧૫નો સંપાદન અંગેનો હકારાત્મક અભિપ્રાય.

(૭) અત્રેની કચેરીના લીગલ શાખાનો તા. ૨૭/૦૫/૨૦૧૫નો શેરા નં. એલબી/અપીલ/EWMS No. ૧૬૯૯૬/૧૫ મેમનગર-૧૭૪ અપીલ/રીવીઝન અંગેનો હકારાત્મક અભિપ્રાય.

(૮) સરકારશ્રી, મહેસુલ વિભાગના તા. ૧૯/૧૨/૨૦૧૫ના પત્ર નં. નશજ/૧૬૨૦૧૫/૪૫૨૬/જ.

(૯) જમીન મહેસુલ અધિનિયમ - ૧૮૭૯ની કલમ - ૬૫, ૬૬, ૬૭થી મળેલ અધિકારો તથા નિયમોના નિયમ - ૧૦૦/૧૦૧ મુજબ.

(૧૦) સરકારશ્રીના મહેસુલ વિભાગના ઠરાવ ક્રમાંક : બખપ/૧૦૦૬/૪૨૫/ક, તા. ૧/૭/૦૮ તથા તા. ૮/૪/૧૧.

(૧૧) સરકારશ્રીના મહેસુલ વિભાગના પરિપત્ર નં. : બખપ/૧૦૨૦૦૧૩/૭૧/ક, તા. ૧૧/૩/૨૦૧૩.

અરજદારશ્રી ભગુભાઇ અંબારામભાઇ પટેલ વિગેરે તેઓના ખાતાની મોજે. મેમનગર, તા. ઘાટલોડીયા, જી. અમદાવાદના સર્વે નંબર ૧૭૪, ટી.પી. ૨૯, ફા.પ્લોટ નં. ૨૪૧ની ૩૨૪૩ ચો.મી. જમીનની રહેણાંકના હેતુ માટે બીનખેતી ઉપયોગ કરવા માટે જમીન મહેસુલ કાયદાની કલમ - ૬૫ હેઠળ પરવાનગી મેળવવા માંગણી કરેલ છે. અરજી સાથે નિયત નમુનાનું સોગંદનામું રજુ કરેલ છે.

અરજદારશ્રીની બીનખેતીની માંગણી અંગે આમુખ (૨)માં જણાવેલ મામલતદારશ્રીએ ધોરણસરની દરખાસ્ત કરેલ છે તે મુજબ સદર જમીન અરજદાર સહભાગીદાર હક્કથી ધરાવે છે. આ જમીનના તા. ૦૮/૦૫/૨૦૧૫ના સ્થળ સ્થિતિના પંચનામા મુજબ સ્થળે જમીનમાં હાલમાં ૧૨ x ૧૦ની છે. જમીનમાં હાલમાં ખાડો ખોદેલ છે. સદર જમીન જુની શરતની છે. જમીનનું ટાઇટલ ક્લીયર છે. પ્રશ્નવાળી જમીન અંગે ગણોત, યુ.એલ.સી. તથા લીગલ સંદર્ભે હકારાત્મક અભિપ્રાય આવેથી અરજદારની માંગણી મુજબ બિનખેતી પરવાનગી આપવા અત્રેથી હરકત સરખું જણાતું નથી તેમ અભિપ્રાય સહ દરખાસ્ત રજુ કરેલ છે.

Scanned by CamScanner